

AN
ELEGY ON THE DEATH
OF
HER MAJESTY QUEEN VICTORIA EMPRESS OF INDIA.

(Being Gujarat's Memorial Tribute to her beloved Sovereign).

BY

BHAGWANLAL R. BADSHAH.

(BOMBAY EDUCATIONAL DEPARTMENT.)

Ahmedabad:

The Rajnagar Type Foundry Printing Press.

1901.

सत्यंपरंधीमहि ॥

મહારાણી શ્રી વિકટોરિયાનો સ્વર્ગવાસ.

(ગુજરાત તરફથી સ્વર્ગવાસી રાણીસાહેબની યાદગીરી).

રચનાર

ભગવાનલાલ રણછોડલાલ બાદશાહ.
(સરકારી કેળવણી ખાતામાં)

અમદાવાદ.

પાનકોરના નાકે શ્રી "રાજનગર ટાઈપ ફાઉન્ડરી
પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યો.

સંવત ૧૯૫૭ સને ૧૯૦૧

કીમત ૩ આના.

મહારાણી શ્રી
વિકટોરિયાનો સ્વર્ગવાસ.

ચંદ્રાવળા છંદ.

બાવિસમીને મંગળવારે, જાનેવારી માસ,
ઓગણિસેને એક સાલમાં, વર્ત્યો મ્હોટો ત્રાસ.
વર્ત્યો મ્હોટો ત્રાસ અરેરે, રાણિ આપણાં કેમ મરેરે!!
સંકટ લાગ્યું આનું ભારે, બાવિસમીને મંગળવારે. ૧

દુનિયાંને એ લાગ્યો દા'ડો, અતીકારમો કેર,
રૂદન કરે નરનારી સર્વે, શોકો ઘેરે ઘેર.
શોકો ઘેરેઘેર પડયા છે, શોક કરી સૌ લોક રડયા છે,
આફતનો આંકો નહિ આડો, દુનિયાંને એ લાગ્યો દા'ડો. ૨

પંદરની તારીખે રાતે, ચઢવા માંડયું પૂર,
દાકતરોના ગમા વછૂટયા, જતું રહ્યું છે શૂર.
જતું રહ્યું છે શૂર નિરાશી, વ્યાપી બેઠા મૂખ વિકાશી.
શું બનિયું ઓચિંતું આતે, પંદરની તારીખે રાતે. ૩

લોકોને મન ચિંતા પેઠી, આમ અચાનક રોગ,
આવ્યો ક્યાંથી રાણી માને, ધારીને આ જોગ.
ધારીને આ જોગ અત્યારે, મરતા લોકો તેને મારે,
પડી ફાળ હેઠી ના બેઠી, લોકોને મન ચિંતા પેઠી. ૪

દાકતર કહે ચાલે નહિ મારૂં, રાજસ્વી આ રોગ,
કદાચ્ માજી આ વેળાએ, થશે કાળનો ભોગ.
થશે કાળનો ભોગ કદાપી, ચેતવણી તમને મેં આપી,
ફેર પડે તો સૌથી સારૂં, દાકતર કહે ચાલે નહિ મારૂં. ૫

અઢારમીને દા'ડે એવી, જયેષ્ઠ પુત્રને જાણ,
થઇ કે માજી બહુ લેવાયાં, કદાચ જીવની હાણ.
કદાચ જીવની હાણ થશે કે, કયો રોગ એ થયો હશે કે,
આફત આથી વિશેષ કેવી, અઢારમીને દા'ડે એવી. ૬

ખબર પોચતાં તર્ત પધાર્યા, માજી કેરે મ્હેલ,
વ્હેની સાથે આવી પોચ્યા, જોડાવીને વ્હેલ.
જોડાવીને વ્હેલો વ્હેલાં, મળવા આવ્યાં બન્ને ન્હેલાં,
હાલ જોઇને હિમ્મત હાર્યા, ખબર પોચતાં તર્ત પધાર્યા. ૭

દોહીતર કૈસર જર્મનનો, તેને મૂકયો તાર,
રાજકુંવર કોનોટ સમેતા, પધારજો આવાર.
પધારજો આવાર ન રે'શો, પાણીપણ પીવા ના બેસો,
વાંચી વાળે તાર વિધનનો, દોહીતર કૈસર જર્મનનો. ૮

સોમવારને દા'ડે ત્યાં તે, મામાને ભાણેજ,
મળ્યા એકઠા આંસું આંખે, જણાય જોતાં સ્હેજ.
જણાય જોતાં સ્હેજ પરાંણે, મનનો ડૂમો મનમાં તાણે,
અગાસિમાં ઊભા એકાંતે, સોમવારને દા'ડે ત્યાંતે. ૯

કુટુંબ મેળો બધો ભરાયો, રાણી નિરખે તેમ,
સંતોષે પછી સૂતાં સેજે, શાંતી આવે જેમ.
શાંતી આવે જેમ શરીરે, બોલે સઘળા સાદે ધીરે,
મ્હેલ બધેથી બંધ કરાયો, કુટુંબ મેળો બધો ભરાયો. ૧૦

મંગળવારે સવારમાંથી, ચાલ્યો છે ગભરાટ,
પથારિ પાસે બેશી કરતા, યૂવરાજ ઉચાટ;
યૂવરાજ ઉચાટ કરેરે, માજી મારાં કેમ મરેરે ! !
કાગળિયાં નીકળિયાં ત્યાંથી, મંગળવારે સવારમાંથી. ૧૧

ગામ તણા સૌ લોક ભરાયા, મ્હેલ તણી ચોપાસ,
ફીકે મ્હોડે ટોળાં થઈને, ફરતા અતી ઉદાસ.
ફરતા અતી ઉદાસ બિચારા, સમાચાર છે છેક નઠારા,
મુઆ હતાને ફરી મરાયા, ગામ તણા સૌ લોક ભરાયા. ૧૨

કાગળ ઊપર કાગળ કાઢે, એક કહે છે ઠીક,
કાગળિયું બીજું દરશાવે, લેવાયાંની બ્હીક.
લેવાયાંની બ્હીક લગાડી, લેવાયાં ! લેવાયાં માડી !
છેવટનો આવ્યો પછવાડે, કાગળ ઉપર કાગળ કાઢે. ૧૩

દેહ પડયાના સંધ્યા કાળે, કાગળ છૂટયા છેક,
દિલગિર થાતા પાછા જાતા, લોકો એકે એક.
લોકો એકે એક સિધાવ્યા, ખબર નઠારી લઇને આવ્યા,
સમાચાર એ મનને બાળે, દેહ પડયાના સંધ્યાકાળે. ૧૪

હિંદૂના પંચાંગો માંહે, બીજ ઉપરતો ત્રીજ,
ઘણીવાર જોયામાં આવે, સૌને પડે પતીજ.
સૌને પડે પતીજ બરાબર, ત્યમ સેવિસમી બાવિસ ઊપર,
તારીખોએ આવી ત્યાંહે, હિંદૂનાં પંચાંગો માંહે. * ૧૫

જાનેવારી માસ બરાબર, તેવિસમી તારીખ,
રાણીશ્રીના પીતાજીના, પડિયા પ્રાણુ પરીખ.
પડિયા પ્રાણુ પરીખ વિચારી, બાવિસ તેવિસ બેઉ નઠારી,
માસ મળ્યો તારીખ ધરાધર, જાનેવારી માસ બરાબર. ૧૬

જાનેવારી માસ ન સારો, મૃત્યૂનો એ માસ,
તારીખો પણ સાચવવાની, બાવિસ તેવિસ ખાસ.
બાવિસ તેવિસ ખાસ સુમારે, પીતાને પુત્રીને ભારે,
સન બીડાનો નડચો નઠારો, જાનેવારી માસ નસારો. ૧૭

આ સૈકો તો નવો નઠારો, માન શુકન કરનાર,
જુવો કર્યું અજવાળું એણે, ખોટો રાખી ખાર.
ખોટો રાખી ખાર સતાવ્યા, હાથ તમોને ખરા બતાવ્યા,
એણે આખેરવિયો તારો, આ સૈકો તો નવો નઠારો. ૧૮

આ સૈકો તો નવો નઠારો, દુનિયાંમાં છે ત્રાસ,
જયાં જોયું તો જણાય આવી, આફ્ત ચારે પાસ.
આફ્ત ચારે પાસ જણાયે, ચિંતાઓ ચિતમાં તો થાયે,
મરકીને નહિ મરવા વારો, આ સૈકો તો નવો નઠારો. ૧૯

આ સૈકો તો નવો નઠારો, નથી ભાગતી ભૂખ,
નથી સુધરિયું વર્ષ બરાબર, દુનિયાંને છે દુઃખ.
દુનિયાંને છે દુઃખ અરેરે, રાણિ આપણાં કેમ મરેરે ! !
દુકાળનો આવ્યો નહિ આરો, આ સૈકો તો નવો નઠારો. ૨૦

આ સૈકો તો નવો નઠારો, લાવ્યો સાથે રોગ,
આજારીની બધે પથારી, લોકોના છે ભોગ.
લોકોના છે ભોગ કરમના, તાવો પડિયા હજુ નરમ ના,
ગરીબ બાપડા લોક બિચારો, આ સૈકો તો નવો નઠારો. ૨૧

આ સૈકો તો નવો નઠારો, લોહિની વહિ ગઇ નીક,
શૂરાઓ રણમાંહ કપાયા, દિલગિરિ વધી અધીક.
દિલગિરિ વધી અધીક બધામાં, જીવ હજારો મરી ગયામાં,
ચારે કોરે ચાલે મારો, આ સૈકો તો નવો નઠારો. ૨૨

આજ સવારે સૂરજ દેખી, પૂછયું કરી તપાસ,
શું વાદળ આજે ચઢિયું છે, ફીકું કયમ આકાશ ?
ફીકું કયમ આકાશ જણાયે, આજે અણગમતું કયમ થાયે ?
ઉત્તર દીધો લીધો લેખી, આજ સવારે સૂરજ દેખી. ૨૩

તાર આવિયા બીજે દા'ડે, વીલાયતથી ઠેઠ,
સાંભળતાં પગ ભાગી જઇને, બેઠા હળવે હેઠ.
બેઠા હળવે હેઠ બિચારા, હાથ હતા તે લમણે ધાર્યા,
બજારમાં સૌ પાકી પાડે, તાર આવિયા બીજે દા'ડે. ૨૪

ઓફીસો સૌ બંધ કરીને, આવ્યા પાછા ઘેર,
ત્યાં સામી આવી ઘરનારી, બોલી "વર્ત્યો કેર."
બોલી "વર્ત્યો કેર અરેરે, રાણિ આપણાં કેમ મરેરે"!!
રડવું આવ્યું ફરી ફરીને, ઓફીસો સૌ બંધ કરીને. ૨૫

ઘરડા કહે મા બાપ અમારાં, જાણે ગુજર્યાં આજ,
તેજ પ્રમાણે સાલે અમને, દિલમાં મ્હોટી દાઝ.
દિલમાં મ્હોટી દાઝ બળે છે, ગાત્ર અમારાં ખૂબ ગળે છે,
રાણિ રાજ્યે અમે વિસાર્યાં, ઘરડા કહે મા બાપ અમારાં. ૨૬

ખુણે ખોચરે વાતો કરતા, લોકો માંહોમાંહ,
ભાગ્યશાળિ બઈના જાવાથી, દુનિયાં રે'શે ક્યાંહ.
દુનિયાં રે'શે ક્યાંય હવે તો, રાણિ આપણાં સ્વર્ગ જવેતો,
ફીક્કે મ્હોડે સર્વે ફરતા, ખુણે ખોચરે વાતો કરતા. ૨૭

દુકાળિયાનાં ટોળેટોળાં, પટકી ફૂટે શીર,
એક વરસ વધુ જીવ્યાં હુત, અમને આવત ધીર.
અમને આવત ધીર અરેરે, રાણિ આપણાં કેમ મરેરે!!
જુઓ રડંતાં રાંકાં ભોળાં, દુકાળિયાનાં ટોળે ટોળાં. ૨૮

મ્હેતાને મુસદ્દી મનમાં, મૂકે છે નિશ્વાસ,
રજકુબાઇનું રસ દેનારૂં, ખાતાં થાતી હાશ.
ખાતાં થાતી હાશ હમેશાં, હવે સૂખ મળશે એવું કયાં?
જાણે લુંટી લીધા વનમાં, મ્હેતાને મુસદ્દી મનમાં. ૨૯

નીશાળેથી બાળક છૂટે, પૂછે વીલે મૂખ,
માસ્તર આજ રજા છે શાની, શાનું તમને દુઃખ.
શાનું તમને દુઃખ પુછે છે, રાણિ ગયાં મે'તાજી કે'છે,
હાય હાય કહિ કપાળ કૂટે, નીશાળેથી બાળક છૂટે. ૩૦

કામકાજ સૌ બંધ કરીને, નવરૂં થયું બજાર,
ઉમ્મર પૂછે છે રાણીની, મનમાં કરી વિચાર.
મનમાં કરી વિચાર સરાસર, એકાસીનું વર્ષ બરાબર,
શયાં પનોતાં પરવારીને, કામકાજ સૌ બંધ કરીને. ૩૧

કાળ તને ઠપકો નથિ દેતો, નથી તાહરો વાંક,
એકાસીને બ્યાસી વચ્ચે, ખારસો તારો આંક.
ખારસો તારો આંક અલ્યા પણ, સ્વાદ ગયો તે સાથે ગળપણ,
લોક હજુ રડતો નહિ રે'તો, કાળ તને ઠપકો નથિ દેતો. ૩૨

પુણ્ય તણો પર્વત પડિ ભાગ્યો, શઠ મ્હોટો ગંભીર,
દયાતણો ડુંગર ડોલીને, તૂટ્યો રહિ નહિ ધીર.
તૂટ્યો રહિ નહિ ધીર હવેતો, રાણિ આપણાં સ્વર્ગ જવેતો,
ઘા મ્હોટો હૈયામાં વાગ્યો, પુણ્ય તણો પર્વત પડિ ભાગ્યો. ૩૩

શાંતીનો સિંધુ સૂકાયો, સુકાઇ ચાલ્યું નીર,
એકાસીનું વર્ષ ખરૂં પણ, નથી વળાતી ધીર.
નથી વળાતી ધીર અરેરે, રાણિ આપણાં કેમ મરેરે!!
લોક હવે લાગે રઘવાયો, શાંતીનો સિંધુ સૂકાયો. ૩૪

કોઈ તણા મૃત્યૂથી લાગે, કુટુંબમાંહ કલેશ,
કોઈ મરેતો ન્યાતી સઘળી, ધરે શોક આવેષ.
ધરે શોક આવેષજ મરતે ગામ વિષે શમગીની વરતે,
કોઇ મુઆથી ગામો ભાગે, કોઇ તણા મૃત્યૂથી લાગે. ૩૫

કદી કોઇ એવો મરવાથી, આખો દેશ ઉદાસ,
લોક બધા દિલગીરી કરતા, મનમાં થાય નિરાશ.
મનમાં થાય નિરાશ અતીશે, મૂઝવણી મનમાં બહુ દીસે,
દેશ તણો કહે ભાગ્યો હાથી, કદી કોઇ એવો મરવાથી. ૩૬

રાણિ આપણાં તો મરવાથી, સબ દુનિયાં દિલગીર,
આકાશેથી તારો ખરિયો, ગમગિનિ જો ગંભીર.
ગમગિનિ જો ગંભીર વધારે, શેષ નાગને લાગે ભારે,
પૃથ્વી દિલગીરી કરવાથી, રાણી આપણાં તો મરવાથી. ૩૭

એકાસીમું વર્ષ ખરૂંપણ, મન નહિ જરા વળાય,
નાનપણે ગાદીએ બેઠાં, અક્કલ નહીં કળાય.
અક્કલ નહીં કળાય કળાથી, અઢાર વર્ષે રાજ મળ્યાથી,
બાળપણામાં કેવું ડા'પણ, એકાસીમું વર્ષ ખરૂં પણ. ૩૮

કાકાની ગાદીએ બેઠાં કાકા મરતાં વાંત,
કાકીને કાગળ લખિયો ત્યાં, દીલાસાનો શાંત.
દીલાસાનો શાંત લખ્યો જ્યાં, વિવેકને ડા'પણ દીધું ત્યાં,
પવિત્ર પદમાં પોતે પેઠાં, કાકાની ગાદીએ બેઠાં. ૩૯

દીલાસાનો પત્ર લખ્યો જે, વિસ્મય નહિએ છેક,
શરનામું પોતે જે લખિયું, તેનો જુઓ વિવેક;
તેનો જુઓ વિવેકજ આગળ, "રાણીશ્રીને પોચે કાગળ"!
પ્રધાન ભૂલ બતાવી મોજે, દીલાસાનો પત્ર લખ્યોજે. ૪૦

શરનામામાં ભૂલ બતાવું, રાણી કરજો માફ,
"વિધવારાણી" એ શરનામું, લખવું પડશે સાફ.
લખવું પડશે સાફ તમારે, એનું જોખમ શીર અમારે,
"જાણિ જોઈને લખિયું આવું," શરનામામાં ભૂલ બતાવું. ૪૧

"વિધવા રાણી" મ્હારે હાથે, હું તો નહિ લખનાર,
કાકીને હું કેમ લખું એ, ગાદી મળતાં વાર.
ગાદી મળતાં વાર અછકલી, બનવું નહિ એ રીતી સઘળી,
રાજ મળ્યું તેની સંઘાતે, વિધવા રાણી મ્હારે હાથે. ૪૨.

રાજકાજને પ્હેલે દા'ડે, વેલિંગ્ટન પરધાન,
મોત સજાનો લાવ્યા કાગળ, જેમાં લાલ નિશાન.
જેમાં લાલ નિશાન ધર્યું છે, મંજૂરીમાં રજૂ કર્યું છે,
પ્રધાન જ્યાં એ કાગળ કાઢે, રાજ કાજને પ્હેલે દા'ડે. ૪૩

રાણી પૂછે મોતસજાનો, કોનર ગુન્હેગાર ?
શો અપરાધ પડયોને શાથી, સમજાવોને સાર.
સમજાવોને સાર મને એ, શાથી આ અપરાધ બને છે,
શો ગુન્હો પડિયો છે આનો, રાણી પૂછે મોત સજાનો. ૪૪

પ્રધાન કે'છે ધીમે સાદે, ઊભો રહી હજૂર,
નોકર એ લશ્કરનો થઇને, તોડયો છે દસ્તૂર.
તોડયો છે દસ્તૂર તમારો, નાશી ગયલો ઠેઠ નઠારો,
સજા કાયદાથી નથિ જાદે, પ્રધાન કે' છે ધીમે સાદે. ૪૫

રાણી કે'છે ફરી તપાસો, પ્રીછો બીજીવાર,
પ્રધાન લાવ્યા ફરી તપાસી, "છે એનો એ સાર."
"છે એનો એ સાર" શુણીને, પસંદ પડિયું નહિ રાણીને,
નથી બરાબર એહ ખુલાસો, રાણી કે'છે ફરી તપાસો. ૪૬

વેલિંગ્ટન મનમાં સમજ્યા કે, સજા ઊપર નહિ ભાવ,
અતી દયાળૂ આ કુંવરી છે, કરૂણારુપ સ્વભાવ.
કરૂણારુપ સ્વભાવ કૃપાળૂ, માટે ગાડું પાછુંવાળું,
જવાપ સારા બેશ સમજ્યા છે, વેલિંગ્ટન મનમાં સમજ્યા છે.૪૭

સજા તણી કરિને દરિયાફી, લાવ્યા ફરી નિકાલ,
આ માણસ નોકર જૂનો છે, આગળ સારી ચાલ.
આગળ સારી ચાલ બતાવી, નોકરિ આગળ બેશ બજાવી,
રાણી કહે આપું છું માફી, સજાતણી કરિને દરિયાફી. ૪૮

દેખો આ દૃષ્ટાંત દયાનાં, નાની વયમાં ખાસ,
માનવિ દીસે ન્હોય માનવી, ઇશ્વરનો આભાસ.
ઇશ્વરનો આભાસ અરેરે, રાણિ આપણાં કેમ મરેરે ! !
વખાણ ખોટાં નહીં કહ્યાનાં, દેખો આ દૃષ્ટાંત દયાનાં. ૪૯

રાણી ઘરડાં થઇને મરિયાં, ઘરડાંનો નહિ શોક,
છતાં આપણે જોતા લોકો, રોતા પોકે પોક.
રોતા પોકે પોક જુઓને, હોશે કારણ શાનું કહોને,
બોલ બોલતાં આંસૂ ભરિયાં, રાણી ઘરડાં થઇને મરિયાં. ૫૦

લોકો આંસૂ કેમ ભરે નહિ, લોકો કેરે માટ,
દુનિયાં છોડી રાણી ચાલ્યાં, મનમાં ધારી ઘાટ.
મનમાં ધારી ઘાટ દયાળૂ, લોક હીત પોતાને વ્હાલું,
રાજ કાજ પડતું મૂકી અહિ, લોકો આંસૂ કેમ ભરે નહિ. ૫૧

દુકાળ કમીશન તો સરકારે, કાઢયું બબ્બે વાર,
તો પણ અર્થ સર્યો નહિ એણે, આવ્યો કંઈ નહિ પાર.
આવ્યો કંઇ નહિ પાર તથાપી, રાણીને ચટપટિયો વ્યાપી,
આમ અંત એ આવે ક્યારે, દુકાળ કમીશનતો સરકારે. પર

દુકાળ કમીશનમાં પછિ મનમાં, રાણી થયાં પ્રમૂખ,
તર્ત તપાસ કરી તારવિયાં, ભૂખ મરાનાં દુઃખ,
ભૂખ મર્યાનાં દુઃખ તપાસ્યાં, દૈવિક કારણ એનાં ભાસ્યાં,
ઝણુણાટ લાગ્યો છે તનમાં, દુકાળ કમીશનમાં પછિ મનમાં. ૫૩

(ડેપ્યુટેશન) રૂબરૂમાં ત્યાં જાવા ધાર્યું, સ્વર્ગે હરી હજૂર,
રાણીજી તૈયાર થયાં છે, પ્રજા હીતનું શૂર,
પ્રજા હીતનું શૂર ચઢયું છે, પરમારથનું કામ પડયું છે,
કરિયું નહિ કોઇનું એ વાર્યું, રૂબરૂમાં ત્યાં જાવા ધાર્યું. ૫૪

બાવિસમીને મંગળવારે, જાનેવારી માસ,
સ્વર્ગે ચાલ્યાં હરી હજૂરે, લોકો થયા નિરાશ,
લોકો થયા નિરાશ અરેરે, રાણી આપણમાટ મરેરે !!
સ્વર્ગે સટપટ ચાલ્યાં ક્યારે, બાવિસમીને મંગળવારે: ૫૫

દુખડાં ના જોવાયાં માજી, મન થઈ ગયું ઉદાશ,
લોકોની પીડા જાણીને, સ્વર્ગે કર્યો નિવાસ;
સ્વર્ગે કર્યો નિવાસ તમોએ, કારણ તેનું કળ્યું અમોએ,
જિવને લાગી બહુ નારાજી, દુખડાં ના જોવાયાં માજી. ૫૬

ગ્લેસ્ટન તું તો ખરો ગણાયો, વફાદાર પરધાન
રાણી માટે આગળ સ્વર્ગે, રાખ્યાં જઈ રે'ઠાણ,
રાખ્યાં જઇ રે'ઠાણ રૂપાળાં, મંદીરો મેડાઓ વાળાં,
પ્રધાનમાં તું સૌથી ડાહ્યો, ગ્લેસ્ટન તું તો ખરો ગણાયો. ૫૭

કોઇ થકીએ નથી કળાયું, ગયો રાખવા ઠામ,
છાનો જે સંકેત તમારો, આજ જણાયો આમ.
આજ જણાયો આમ તમાસો, થયો ખાનગી આજ ખુલાસો,
બાળ્યું રે' કયમ મોત ખળાયું, કોઇ થકી એ નથી કળાયું. ૫૮

વુનસરનો સોનાનો રચિયો, સ્વર્ગ વિષે તેં મ્હેલ,
ઓસબર્નને આંટે એવી, હવા તણી ત્યાં સ્હેલ.
હવા તણી ત્યાં સ્હેલ સજાવી, આગળથી તેં સ્વર્ગે આવી,
સરંજામ દેવોનો સજિયો, વુનસરનો સોનાનો રચિયો. ૫૯

જામ્યું સ્વર્ગે રાજ ફરીથી, રાણીને પરધાન,
મંડળ રચિયું પરધાનોનું, રાજ્ય તણું મંડાણ.
રાજ્યતણું મંડાણ ખરૂં પણ,સ્વાર્થ તણું અહિયાં નહિ લગપણ,
મંજૂરી દેવાય હરીથી, જામ્યું સ્વર્ગે રાજ્ય ફરીથી. ૬૦

પરમારથનાં ચાલે કામો, દુનિયાની ધરિ દાઝ,
પાસે ઊભો પ્રધાન થઇ તું, પરોપકારી કાજ.
પરોપકારી કાજ કરૂં છું, લોક તરફથી સ્વર્ગ ફરૂં છું,
કરજોડી ઊભો રહુ સામો, પરમારથનાં ચાલે કામો. ૬૧

ગ્લેસ્ટન તુંતો ખરો ગણાયો, પરદુખ ભંજન આપ,
પરદુખ ભંજન રાણી પોતે, કનકે કુંદન કાપ.
કનકે કુંદન કાપ જડાયો, રાણીથી વ્હેલો પરવાર્યો,
રાણીજીના સામો આવ્યો, ગ્લેસ્ટન તુંતો ખરો ગણાયો. ૬૨

એકલવાયો તું ગભરાયો, પડતી સમજણ એમ,
ઊતાવળથી તેડી ચાલ્યો, ગમ્યું તને તો તેમ.
ગમ્યું તને તો તેમ મલાવ્યું, તેડાવ્યું આવરદાવાળું,
સામો તું લેવાને ધાયો, એકલવાયો તું ગભરાયો. ૬૩

એકાસીમું વર્ષ ખરૂં પણ, સાંભરતા ઉપકાર,
યાદ આવતાં ભરાઈ જાતું, હૈયું વારંવાર.
હૈયું વારંવાર ભરાતું, આંખોમાં આંસૂ ઉભરાતું,
ભલાં બાઈનું કેવું ભલપણ, એકાસીમું વર્ષ ખરૂં પણ. ૬૪

ત્રેસઠ વર્ષ સુધી રાજ્યાસન, ભોગવિયું એ સૂખ,
એકાસીવયનો આવરદા, પોચ્યો જરા ન દુઃખ.
પોચ્યો જરા ન દુઃખ શરીરે, ધીરે આવી પોચ્યાં તીરે,
ભલે ભોગવ્યું કહે બધા જન, ત્રેસઠ વર્ષ સુધી રાજ્યાસન. ૬૫

મેં ઇતિહાસો વાંચ્યા સઘળા, વીલાયતના રાસ,
ત્રેસઠ વર્ષ સુધી નહિ કોઇએ, રાજ્ય ભોગવ્યું ખાસ.
રાજ્ય ભોગવ્યું ખાસ કરીને, સૂખ ભોગવ્યું પેટ ભરીને,
આવરદા નહિ આવા સબળા, મેં ઇતિહાસો વાંચ્યા સઘળા. ૬૬

ત્રેસઠ વર્ષ ગયાં તે જાણે, લાગ્યા ત્રેસઠ માસ,
લોકોને ગમતું કરવા દઈ, સૌની પૂરી આશ.
સૌની પૂરી આશ ઉમંગે, પાર્લમેંટ પણ રાજી રંગે,
નથી ધમાધમ કો પણ ટાણે, ત્રેસઠ વર્ષ ગયાં તે જાણે. ૬૭

પાર્લમેંટ કે લોક વિરૂદ્ધે, વર્ત્યાં નથી લગાર,
જે માગ્યું તેની મંજૂરી, આપી કરી ન વાર.
આપી કરી ન વાર જરાએ, લોકોની પ્રીતી ઉભરાએ,
નથી ચાલિયાં રસ્તે ઉંધે, પાર્લમેંટ કે લોક વિરૂદ્ધે. ૬૮

અદપ વાળિને જોયાં કરિયું, જબરી શાંતી, બાપ!!
બલિહારી એની શાંતીની; શાંતી આપો આપ!
શાંતી આપો આપ સ્વરૂપે, ત્રેસઠ વર્ષ ગયાં એ રૂપે,
અણગમતું મનમાં નહિ ધરિયું, અદપ વાળિને જોયાં કરિયું. ૬૯

જુલમી રાજાઓનાં રાજ્યો, ફરી સાંભર્યાં આજ,
ફાંસી ખોરા ફરી ન મળજો, અચળ રહો આ રાજ;
અચળ રહો આ રાજ અરેરે, રાણિ આપણાં કેમ મરેરે!!
હોય ગયાં ત્યાંથી પણ જાજો, જુલમી રાજાઓનાં રાજ્યો. ૭૦

મેં રાજાઓ ફરી તપાસ્યા, પ્હેલેથી તે અંત,
ધમાધમી પરધાનો સાથે, છે કાકા* પર્યંત.

---

* રાણી સાહેબની પહેલાંના રાજા એ રાણી સાહેબના કાકા ચોથા વુઇલ્યમ રાજા.

છે કાકા પર્યંત તમારે, પાર્લમેંટમાં સૌથી ભારે,
પાર્લમેંટને તાળાં વાસ્યાં, મેં રાજાઓ ફરી તપાસ્યા. ૭૧

મ્હારાણી ગાદીએ બેઠાં, ત્યાંથી સઘળું બંધ,
શાંતી રૂપી આ દેવીને, ન્હોતો કલેશ પસંદ.
ન્હાતો કલેશ પસંદ કદી પણ, લોકોની પ્રીતી સંપાદન,
કરી કરેલાં સૌનાં વેઠયાં, મ્હારાણી ગાદીએ બેઠાં. ૭૨

પ્રધાનને નહિ કાઢી મૂકયા, ભર્યા ન લોક વિરૂદ્ધ,
પરજાનું પાલન કરવાની, બુદ્ધી એવી શુદ્ધ.
બુદ્ધી એવી શુદ્ધ ધરંતાં, અદપ વાળિને જોયાં કરતાં,
કદી કોઇ ભૂલ્યા કે ચૂકયા, પ્રધાનને નહિ કાઢી મૂકયા. ૭૩

રાજ કર્યાનાં કયાં ઈતિહાસે, આવાં ત્રેસઠ વર્ષ,
આવરદાના એકાસીનો, કયા ભૂપને હર્ષ;
કયા ભૂપને હર્ષ બતાવો, આવરદા એકાસી લાવો ?
ત્રેસઠ વર્ષો ગણતાં થાશે, રાજ્ય કર્યાનાં કયાં ઇતિહાસે. ૭૪

ક્રોધ શબ્દને ડિક્ષ્નેરીથી, ગુરૂએ કરી પ્રપંચ,
કાતરિ લઇને પુસ્તક મૂકયું, રાણી કેરે સંચ.

રાણી કેરે સંચ ધર્યું ત્યાં, અભ્યાસે પોતે વાંચે જયાં,
ક્રોધ વગરનાં રાણી એથી, ક્રોધ શબ્દને ડિક્ષનેરીથી. ૭૫

સૂરજ નહિ આથમવા પામે, રાજ્ય તણી પીછાન,
ચોગરદમ સૌ રાજ વિષે તો, ફરતી રાણી આણ.
ફરતી રાણી આણ રજાથી, લોકો મ્હાલે રોજ મઝાથી,
રાજ્ય અતીશે જબરૂ જામે, સૂરજ નહિ આથમવા પામે. ૭૬

મેં આ ગૂણો સર્વ ગણાવ્યા, કરો પરીક્ષા લોક,
માનવિ કે દેવી રાણીએ, સ્વરૂપ ઇશ્વરિ કોક?
સ્વરૂપ ઈશ્વરિ કોક હશેએ, કોણ પરીક્ષા કરી શકે છે,
જાણીતા પણ ફરી જણાવ્યા, મેં આ ગૂણો સર્વ ગણાવ્યા ૭૭

હોતાં ન્હોતાં થયાં બરાબર, બીજીને શનિવાર,
ફેબરવારી માસ તણીએ, તારિખતો નિરધાર.
તારિખતો નિરધાર સ્મરણમાં, શે'શેરે લોકોના મનમાં,
કબર વિષે સૂતાં ભૂમી પર, હોતાં ન્હોતાં થયાં બરાબર. ૭૮

બાવિસમીથી વિશેષ લાગ્યો, એ દા'ડાનો શોક.
હોતાં ન્હોતાં આજ થયાં એ, પૃથ્વીપરથી ફોક.

પૃથ્વી પરથી ફોક થયાંરે, આજ ખરાં તો મરી ગયાંરે!
ઘા હૈયામાં ભડાક વાગ્યો, બાવિસમીથી વિશેષ લાગ્યો. ૭૯

પૃથ્વીપર ચોપાસ પળાયો, આ દા'ડાનો શોક,
રાણીજી આજે ડફણાયાં, કાયા થઈ ગઇ ફોક.
કાયા થઇ ગઇ ફોક અરેરે, રાણિ આપણાં કેમ મરેરે!!
શોક ટાળતાં નથી ટળાયો, પૃથ્વીપર ચોપાસ પળાયો. ૮૦

સરકારી ઓફીસો સઘળી, સવારમાંથી સ્પષ્ટ,
બંધ કરી છે શોક તરીકે, દરશાવે છે કષ્ટ,
દરશાવે છે કષ્ટ અરેરે, રાણિ આપણાં કેમ મરેરે!!
નૂર ગયું ત્યમ લાગે નબળી, સરકારી ઓફીસો સઘળી. ૮૧

કામ કાજ સૌ બંધ કરાયાં, પડી બધે હડતાલ,
નવરા બેઠા લોકો ઘરમાં, કોઇ ન વેચે માલ.
કોઈ ન વેચે માલ જરાએ, ગામ બધું ઊદાશ જણાયે,
મીલે તાળાં બધે મરાયાં, કામકાજ સૌ બંધ કરાયાં. ૮૨

બજારમાં સૌ પાકી પાળે, નથી શાક કે દૂધ,
ચ્હા પીધી છે દૂધ વનાની!, રાતે રહિ નહિ શુદ્ધ.

રાતે રહિ ન શુદ્ધ મગાવા, દૂધ વનાનું મળશે ખાવા,
દૂધ હવે તો મળશે કાલે, બજારમાં સૌ પાકી પાળે. ૮૩

બજાર વચ્ચે નથી જવાતું, સઘળે ખાવા ધાય,
શૂનકાર ત્યાં વ્યાપ્યો ઝાઝો, લોકો જોતા જાય.
લોકો જોતા જાયે સરતે, ગામ વિષે ગમગીની વરતે,
ભૂખ ન લાગી નથી ખવાતું, બજાર વચ્ચે નથી જવાતું. ૮૪

લગ્નો સઘળે બંધ રખાયાં, જનોઇને વીવાહ,
નાચ રંગ મોકૂફ કરાયા, મિજલસ પીવા ચાહ.
મિજલસ પીવા ચાહ ટળાવી, છાપેલી ચીઠ્ઠીઓ આવી,
સાજન આજે નથી ભરાયાં, લગ્નો સઘળે બંધ રખાયાં. ૮૫

વાજાં વાળા પાછા વાળ્યા, રામઢોલની સાથ,
ઝાંઝો વાળા જોડે આવ્યા, કાઢયા જોડી હાથ.
કાઢયા જોડી હાથ અત્યારે, વાજાંનું નહિ કામ અમારે,
સમજયા સિદ્ધે રસ્તે ચાલ્યા, વાજાં વાળા પાછા વાળ્યા. ૮૬

નાત વિષે નોતરિયો ફરિયો, જમણવાર છે બંધ,
લોકો પૂછે પાછી કયારે, મનડાં પડિયાં મંદ.

મનડાં પડિયાં મંદ ઘણાનાં, શોક શુણીને કઇક જણાનાં,
દયા તણો ડફ્ણાયો દરિયો, નાત વિષે નોતરિયો ફરિયો. ૮૭

ઘરડી ડોસી અકતો પાળે, કર્યો રેંટિયો ત્યાજ,
તપખિરની ડબ્બી લઇ કરમાં, નવરાં બેઠાં આજ,
નવરાં બેઠાં આજ કહે છે, અરે અમારો જીવ બળે છે,
શ્રીનું રાજ્ય ગયું આકાળે, ઘરડાં ડોસી અકતો પાળે. ૮૮

જુઓ કરી છે તાળું વાસી, મ્હેતે બંધ નિશાળ,
તજી જગતને પૃથ્વીપરથી, ચાલી ગઇ મહિપાળ,
ચાલી ગઇ મહિપાળ અરેરે, હૃદય અમારૂં અતી બળેરે!
બંધ નિશાળો આથી ત્રાસી, જુઓ કરીછે તાળું વાસી. ૮૯

આજ ગયા જે ગાડી ઊપર, પાછા આવ્યા ઘેર,
ગાડી બંધ પડી જાવાની, આવ્યાની એ પેર,
આવ્યાની એ પેર મનાયે, શોકાતુર આ જગત જણાયે,
પાછા આવ્યા ઘેરે સત્વર, આજ ગયા જે ગાડી ઊપર. ૯૦

ફૂલ વિના પૂજાઓ આજે, કશાય માગી માફ,
મ્હાજનની બંધી છે માટે, માળી ના કહે સાફ,

માળી મા કહે સાફ બિચારો, આજ નથી ફૂલોનો વારો,
હાલ ચલાવો મ્હાજન કાજે, ફૂલ વિના પૂજાઓ આજે ૯૧

હજામ કહે છે આજ અણોજો, નહીં હજામત થાય,
કરીએ તોતો મ્હાજન કેરી, બંધી ભાગી જાય,
બંધી ભાગી જાય અરેરે, પાકી ભાગી એમ ઠરેરે!
નાત અમારી આખી જોજો, હજામ કે છે આજ અણોજો. ૯૨

દરજી બેઠો બીડી પીતો, હાથ ન ધરતો કામ,
આજ જરા ટાંકો ના મારૂં, ટાંકો નામ હરામ,
ટાંકો નામ હરામ અત્યારે, કામ જોડશું કાલ સવારે,
શોક તણી છે એવી રીતો, દરજી બેઠો બીડી પીતો. ૯૩

ગાડી વાળા ગાડી ભાડે, જરા ન જોડે નામ,
તાણ પડી છે માટે આજે, મ્હોં માગ્યાં દે દામ,
મ્હો માગ્યાં દે દામ તથાપિ, ગાડી વાળો થાય ન પાપી,
કહે અણોજો આવે આડે, ગાડી વાળા ગાડી ભાડે. ૯૪

નાટકશાળા નાટક વાળે, નથી ઉઘાડી લેશ,
પડદાઓ સૌ શ્યામ પડાયા, એહ વિવેક વિશેષ,

એહ વિવેક વિશેષ બતાવ્યો, શોક બધાના મનમાં આવ્યો,
બંધ કરેલી લોકો ભાળે, નાટકશાળા નાટક વાળે. ૯૫

ભરતખંડના ભાગ્ય તણો તો, ગયો ઉજડ થઇ બાગ,
તેજસ્વીના તેજ થકી તો, મળતો અડધો ભાગ.
મળતો અડધો ભાગ ગયો એ, સૂર્ય અમારો અસ્ત થયોએ,
ગયો ઉદય ગુણવંત ગણો તો, ભરતખંડના ભાગ્ય તણો તો. ૯૬

ઓચિંતો આ ઘેરો ક્યાંથી, આવ્યો એ મ્હારાજ,
ચારે બાજૂથી ઘેરાયો, પડયો માળવો આજ.
પડયો માળવો આજ લુટાયો, સિંહ બ્રિટનનો આજ છવાયો,
કાળ પડીતી સવારમાંથી, ઓચિંતો આ ઘેરો ક્યાંથી. ૯૭

કીર્તીસ્તંભ કરાવત માજી, હોત ઘણુંજો દ્રવ્ય,
એક બાવલું બેશ બનાવત, ભભકાવાળું ભવ્ય.
ભભકાવાળું ભવ્ય બનાવત, ખાસ ત્હરેની ખૂબી લાવત,
રૈયત તારી કરવા રાજી, કીર્તીસ્તંભ કરાવત માજી. ૯૮

દ્રવ્ય નથી પણ કવ્ય* ઘણું છે, સત્ય દેવ પરતાપ,

* કવિતા લખનાર આ ઠેકાણે પોતાની ખોટી મગરૂબી બતા-

કીર્તીસ્તંભો કો કાળે પણ, ભાગી પડશે આપ.
ભાગી પડશે આપ ભડાકે, ધરતી કંપો થાય ધડાકે,
કર્યું બાવલું ઠેઠ તણું છે, દ્રવ્ય નથી પણ કવ્ય ઘણું છે. ૯૯

આ કવિતા સઘળે વંચાશે, બનશે કીર્તીસ્તંભ,
*ગુજરાતીની ફર્જ અદા થઇ, બન્યું બાવલું બંબ,
બન્યું બાવલું બંબ અમારૂં, *ગુજરાતી ભાઈઓને સારૂં,
અમ્મર નામ તમારૂં થાશે, આ કવિતા સઘળે વંચાશે. ૧૦૦

વા માગે છે એમ ઉપર ઉપરથી આ લીંટી વાંચનારને જણાશે ખરૂં. પણ જે લોકો કવિતાના રાત દિવસના વાંચનારા છે અને પરીક્ષા કરનારા છે તે તો સ્હેજ સમજી જશેકે કે દ્રવ્ય કરતાં વિદ્યા વધારે ચઢીઆતી છે તેવું બતાવવાનોજ ફક્ત આ લીંટીઓમાં પ્રયત્ન છે. દ્રવ્ય કરતાં કવિતાની એટલે વિદ્યાની સત્તા વધારે છે એજ માત્ર અર્થ છે બીજો કાંઇ ઇર્ષા ઉત્પન્ન કરે એવી મગરૂબી જણાવાનો લખનારનો હેતુ મુદ્દલ છેજ નહિ. છતાં એવો આભાસ કદી કોઇને આવી જાય તો તેને માટે પણ લખનાર નમ્રતા પૂર્વક હાથ જોડીને ક્ષમા માગે છે.

* ગુજરાતના વતની ભાઇઓ તરફથી આ સ્મારક ભેટ મેં તૈયાર કરી છે તે ભાઇઓ કૃપા કરી માન્ય રાખશે એવી વિનંતી છે.

લોક તણા શોકો ના જાશે, એકીદમતો હાલ,
નથી સુકાતાં આંસૂ હજુએ, હજૂ સાંભરે વ્હાલ,
હજૂ સાંભરે વ્હાલ અમોને, લોકો ભૂલે કેમ તમોને,
સાંભર સાંભર સદાય થાશે. લોક તણા શોકો ના જાશે. ૧૦૧

સાથે ચૂડા ફૂટયા **લંડન**, સૌ શોકયોના આજ,
સૌને શોક સમાંતર આજે, શિરનો તૂટયો તાજ,
શિરનો તૂટયો તાજ ખરેરે, હૃદય બધાનાં રોજ બળેરે,
મૂડાયાં માથાનાં મંડન, સાથે ચૂડા ફૂટયા લંડન. ૧૦૨

એકાસીમું વર્ષ ખરૂં પણ, ગૂણ તણો ભંડાર,
મ્હેલ વિષે લુંટાણો રાતે, નથી કોઈની વ્હાર,
નથી કોઇની વ્હાર અરેરે, રાણિ આપણાં કેમ મરેરે !!
દુનિયાંને આવ્યું રંડાપણ, એકાસીમું વર્ષ ખરૂં પણ. ૧૦૩

ભૂલાવ્યે આ નથી ભુલાતો, રાણી કેરો શોક,
મારી મચડી મનને વાળું, વાળું તો પણ ફોક,
વાળું તોપણ ફોક ફરીને, શાંતી વાળું કેમ કરીને,
સદ્‌ગુણની સાંભરતી વાતો, ભૂલાવ્યે આ નથી ભુલાતો.૧૦૪

માસત્રણ વસિયે એકાંતે, તોપણ ટળે ન શોક,
ફરી ફરી અજમાવ્યા જે તે, ઉપાયો સૌ ફોક,
ઉપાયો સૌ ફોક ગયા છે, નિરાશિનાં નીશાન રહ્યાં છે,
ભગૂ કહે કહો જઇએ કયાં તે, માસત્રણ વસિયે એકાંતે. ૧૦૫

સમાપ્ત.